અપીલ અરજી નં.૩૯૪ તા.૧૩–૩–૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૯–૨–૦૯ની અરજીથી ચોકબજાર કિલ્લાના મેદાન સાથેની ફૂટપાઠ પર વિકલાંગની કેબીન જે કાયદાના વિરૂધ્ધ ૪/૬ ની જગ્યાએ ૧૧/૬ ની બનાવેલ તેમજ એની બાજુમાં બીજી અન્ય વ્યકિતએ ટાઈપીસ્ટની કેબીન ગેરકાયદે મુકેલ હોય તો દૂર કરવામાં કેમ નથી આવતી તે અંગે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૩–૩–'૦૯ ની અપીલ અરજી નં.૩૯૪ /૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૯–૨–૦૯ની અરજીથી ચોકબજાર કિલ્લાના મેદાન સાથેની ફૂટપાઠ પર વિકલાંગની કેબીન જે કાયદાના વિરૂધ્ધ ૪/૬ ની જગ્યાએ ૧૧/૬ ની બનાવેલ તેમજ એની બાજુમાં બીજી અન્ય વ્યકિતએ ટાઈપીસ્ટની કેબીન ગેરકાયદે મુકેલ હોય તો દૂર કરવામાં કેમ નથી આવતી તે અંગે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/નં./૧૫૩૬ તા.૬–૩–૦૯ થી આપેલ માહિતી ખોટી આપેલ તેમજ ગોળ ગોળ જવાબ આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની ........ સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ નથી. જેથી અરજદારને નહીં પુરી પડાયેલી માહિતી અત્રેની જાણ હેઠળ કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં માહિતી પુરી પાડવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૦૯.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ ચોકબજાર,